## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ તમે નાના હતાં ત્યારે ચકલી ઊડે ફરરર... હાથી ઊડે ફરરર... સાયકલ ઊડે ફરરર એવું બહુ રમતા હતા...??**

# જેસીઆઈ ગાંધીનગર દ્વારા વિશ્વ ચકલી દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૦

ઉનાળાના પ્રારંભે ગગનમાં વિહાર કરતા પક્ષીઓને પીવાના પાણીની તંગી



ના પડે તે અંગે જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ ગાંધીનગર દ્વારા પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આજના સમયમાં લુપ્ત થઈ રહેલી ચકલીઓને બચાવવા માટે અનેક સંસ્થા અને વન્ય પ્રેમીઓ પ્રયત્નો કરી રહ્યા છે. ત્યારે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચ તેમજ રોટરી પૂર્વ પ્રમુખ દિલીપ પટેલના સહયોગથી ૧૦૦ જેટલા પાણીના કુંડાનું નિશુલ્ક વિતરણ કરવામાં આવ્યા હતા. માનદ સેવામાં ઉપસ્થિત રહેલા જશવંત ગાંધી, મહેશ પટેલ, હિતેશ પરમાર, કાજલ વૈષ્ણવ, ડો.વિરલ લુહાર, ડો. પારૂલ પટેલ, તેમજ રૂદ્ર ગાંધીનો જેસીઆઈ પ્રમુખ ડો.પરાગી ગાંધીએ આભાર વ્યકત કર્યો હતો.

# શ્રમજીવીની દિકરીના લગ્ન માટે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાનો કરિયાવર..!!

ગાંધીનગર, તા. ૨૦

દિકરીના લગ્ન એટલે બાપ માટે ખૂબ જ મહત્વનો પ્રસંગ હોય છે. એક તરફ બાપની લાગણીઓ જોડાયેલી હોય છે તો બીજી તરફ દિકરીના લગ્ન નિર્વિઘ્ને પાર પડે તેની ચિંતા પણ હૈયે હોય છે. આપી તેમની ચિંતા હરી લેવાનું સદ્કાર્ય કરતા દિકરી-બાપ સહિત તમામના ચહેરે હર્ષ રેલાયો હતો.

ચરેડી છાપરાંમાં રહેતા ૪૫ વર્ષીય શાંતિભાઈ ચૌહાણ છુટક મજૂરી કરી ગુજરાન ચલાવે છે તેમને સંતાનમાં બે દિકરા અને બે દિકરીઓ લગ્નમાં કરિયાવર શું કરીશુ તે ચિંતા બાપને કોરી ખાતી હતી ત્યારે સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજની અગ્રણી મહિલાઓને આ લગ્નના સમાચાર મળતા તેમની વ્હારે ધાયી છે. આજે આ મહિલાઅઓએ કરિયાવરની તમામ ચીજવસ્તુઓ દિકરીના બાપને



ગાંધીનગરના સે. ૨૮ બાલોદ્યાન સામેના ચરેડી છાપરા વિસ્તારમાં રહેતા એક શ્રમજીવી પરિવારની ૧૮ વર્ષની દિકરીના લગ્ન લેવાયાં છે. છુટક મજૂરી કરીને ગુજરાન ચલાવતા બાપની દિકરી અને બે ભાઈની બહેનના કરિયાવરની ચિંતા સતાવી રહી હતી ત્યારે ગાંધીનગરની સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજની મહિલાઓ જાણે દેવદૂત બનીને આવી અને કરિયાવરની તમામ ચીજવસ્તુઓ છે. જેમાંથી બંને દિકરા અને એક દિકરી પરિણિત છે. બંને દિકરા પણ તેમની જેમ જ છુટક મજૂરી કરે છે. તેમની સૌથી નાની દિકરી આરતીના તા. ૨૩મી માર્ચે લગ્ન નિરધાર્યા છે અને ઝુંપડીના આંગણે છાણ-માટીનું નવું લીંપણ કરી શક્તિ મુજબ ઘર શણગાર્યુ છે. હાથેથી નોટના કાગળમાં લાલ બોલપેન વડે કંકોત્રી લખાઈ છે અને દિકરીના માતા નંદાબેનના હૈયે હરખ ઉભારાયો છે. આ દિકરીના આપતા બાપના આંખે હર્ષના ઝળઝળિયાં ઉમટી આવ્યા હતા. આ કરિયાવરમાં ત્રણ સાડીઓ, ચાંદીની પાયલ, મેકઅપની તમામ સામગ્રી જેમ કે લીપસ્ટિક, આઈલાઈનર, પાવડર-લાલી, કાજળ, વગેરે ઉપરાંત, દુલ્હનનો તમામ શણગાર, ચાંદીની ગણપતિની મૂર્તિ સહિત ઘણી બધુ ચીજવસ્તુઓ આપવામાં આવી હતી. આમ કરિયાવરની વ્યવસ્થા થઈ જતા પરિવારમાં આનંદનો માહોલ છવાયો હતો.

# ટુરિઝમ વિભાગ દ્વારા પ્રવાસીઓને ગેરમાર્ગે દોરતી માહિતીનો પ્રચાર

## નવા તૈયાર કરાયેલ ફોલ્ડરમાં ગાંધીનગર રેલવે સ્ટેશનને અનેક શહેરો સાથે જોડતુ દર્શાવ્યું : હકીકતમાં આંગણીના વેઢે ગણાય તેટલી જ ટ્રેનોની સુવિધા ઉપલબ્ધ

ગાંધીનગર, તા. ૨૦

રાજ્ય સરકારના પ્રવાસ-પર્યટન વિભાગ દ્વારા 'ખુશ્બુ ગુજરાત કી' અંતર્ગત એક નવું ફોલ્ડર તૈયાર કરવામાં આવ્યું છે. આ ફોલ્ડરમાં પાટનગર સીટી ગાંધીનગરને રાજ્યના અન્ય શહેરો સાથે રેલવે જોડાણ હોવાનો ભાંગરો વાટવામાં આવ્યો છે જ્યારે હકીકતમાં ગાંધીનગર એ રાજ્યનું પાટનગર હોવા છતાં અહીં રેલવે સ્ટેશને માંડ આંગળીના વેઢે ગણી શકાય તેટલી જ ટ્રેનોની સુવિધા ઉપલબ્ધ છે.

પાટનગર રેલવે સ્ટેશનને છાજે તે રીતે રાજ્ય તથા દેશના મહત્વના શહેરો સાથે જોડતી ટ્રેનોની સુવિધા અંગે ગાંધીનગરના અનેક અગ્રણીઓ તથા સ્વૈચ્છિક સંગઠનો દ્વારા લડત ચલાવાઈ રહી છે અને વારંવાર આ માંગ ઉઠાવવામાં આવી રહી છે. દર વર્ષે કેન્દ્ર સરકાર દ્વારા રેલવે બજેટમાં આ માંગ સામે માત્ર ઢેંગો જ દેખાડવામાં આવી રહ્યો છે અને હાલ ગાંધીનગર રેલવે સ્ટેશનને માત્ર ચાર કે પાંચ ટ્રેનની નામ પુરતી જ સુવિધા ઉપલબ્ધ છે. આ બાબતે રાજ્ય સરકાર તરફથી પણ કોઈ પ્રકારનો અસરકારક રજૂઆત કરાતી નથી અને અધૂરામાં પુરૂ હોય તેમ ટુરિઝમ ડિપાર્ટમેન્ટ દ્વારા તૈયાર કરાયેલા ફોલ્ડરમાં ગાંધીનગર રેલવે સ્ટેશનને અનેક શહેરો સાથે જોડાયેલુ હોવાનું દર્શાવી માત્ર પાટનગરવાસીઓની મજાક જ નથી ઉડાવાઈ પરંતુ સાથે સાથે પ્રવાસીઓને ગેરમાર્ગે દોરવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો છે.

એક સમયે ફિલ્મ સુપરસ્ટાર અમિતાભ બચ્ચન દ્વારા "ખુશ્બુ ગુજરાત કી" જાહેરાત થકી વિશ્વભરના પ્રવાસીઓને ગુજરાતમાં આકર્ષવા ઝુંબેશ હાથ ધરાઈ હતી પરંતુ હવે એજ ટુરિઝમ વિભાગ દ્વારા આ રીતે પ્રવાસીઓને ગેરમાર્ગે દોરતી માહિતી દર્શાવી મોટો ભાંગરો વાટ્યો છે. શું આ પ્રકારની છેતરામણી જાહેરાતોથી અહીં આવતા પ્રવાસીઓ જ્યારે હકીકતમાં અટવાઈ પડશે ત્યારે પાટનગર અને રાજ્ય અંગે મનમા સારી છાપ લઈને જશે ?? આ પ્રકારની હરકતથી લાંબે ગાળો માત્ર અને માત્ર ગાંધીનગરને જ નુકશાન થશે તે નક્કી છે.



## અનિયમિત-ગેરહાજર બાળકોને શાળા લેવા આવી

સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ થકી વિદ્યાર્થીઓની સંખ્યા ચોપડે તો મોટી નોંધાયી જાય છે પરંતુ આ વિદ્યાર્થીઓ નિયમિત શાળાએ આવે તેની કોઈ ગેરંટી હોતી નથી. પછી કોઈ મંત્રી કે અધિકારી આ બાળકોને શાળાએ લાવવા ડોકાતા નથી પરંતુ આ જવાબદારી શાળાના શિક્ષકો જરૂર ઉપાડી લેતા હોય છે. વાવોલની સરકારી પ્રાથમિક શાળામાં પણ બાળકોની અનિયમિત હાજરી અને ગેરહાજરીની વધતી સંખ્યાને કારણે શાળા પરિવારે અનોખો પ્રયોગ હાથ ધર્યો છે. બાળક શાળામાં ના આવે તો શાળા જ આખી બાળકને ત્યાં ધસી જાય તેવી આ વાત છે. શાળા પરિવારે બાળકોને ફરી શાળાએ નિયમિત આવતા કરવા વાવોલના દંતાણી વાસમાં જ શાળાની પ્રાર્થનાસભા યોજી હતી. જે સામાન્ય રીતે દરરોજ શાળા સંકુલમાં યોજાતી હોય છે. પોતાના વાસમાં જ શાળાની પ્રાર્થના યોજાતા અનિયમિત અને ગેરહાજર રહેતા બાળકો પણ ચુપચાપ તૈયાર થઈ તેમાં જોડાઈ ગયા હતા.

# ગાંધીનગર જિલ્લામાં સઈજ-હાજીપુર કાંસ તથા પાનસર વાવોલ કાંસને ૩૨.૨૧ લાખના ખર્ચે મરામત કરાઈ

જળસંપત્તિ મંત્રી શ્રી નાનુભાઈ વાનાણીએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં સઈજ, હાજીપુર, કાંસ તથા પાનસર વાવોલ કાંસની રૂા. ૩૧.૨૧ લાખના ખર્ચે મરામત અને સફાઈ કરવામાં આવી છે. વિધાનસભા ખાતે ગાંધીનગર જિલ્લામાં કાંસ મરામત, જાળવણી અને સફાઈ ખર્ચના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, સિંચાઈની સુવિધાનો વ્યાપ વધે તે માટે કાંસની મરામત આવશ્યક છે. જેના ભાગરૂપે પ્રતિ વર્ષ આ કામગીરી હાથ ધરવામાં આવે છે. જેમાં સઈજ-હાજીપુર કાંસની મારામત-જાળવણી માટે રૂા.૮.૭૧ લાખ અને પાનસર-વાવોલ કાંસની મરામત જાળવણી માટે છેલ્લા બે વર્ષમાં રૂા.૨૨.૫૦ લાખનો ખર્ચ કરાયોછે. અન્ય એક પૂરક પ્રશ્નમાં મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, કલોલ તાલુકામાં ૭ કાંસ, ઉપર ૯૧ નાળાં, ગાંધીનગર તાલુકામાં કલોલ પર ૧૩૦ નાળાં અને દહેગામ તાલુકામાં ૨ કાંસ ઉપર ૪૫ નાળા પ્રજાજનોની અવરજવર માટે નિર્માણ કરવામાં આવ્યા છે.

